

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ખાય ખાયકીના ખોંખારા સૌ, મજાની પડી નથી!*
*ચારિત્ર્યહીનો ફરે બે શર્મ, લજ્જાની પડી નથી!*
*પડી નથી કોઈને નેજાની, લડે સૌ સત્તા માટે -*
*સ્વાર્થના સગા છે સૌ કોઈને, પ્રજાની પડી નથી!*

### હાઈકુ

*વેપારી યોગી*
*કરાવે શિર્ષાસન -*
*દવા બજાર*

*પ્રચાર ટાણે*
*લાગ જોઈ મારશે*
*એક કાંકરી!!*
*(મારશે - બે-ત્રણ પંખી)*

### ચિંતન

*સન્તઃ સ્વયં પ્રકાશન્તે ગુણા ન પરતો નૃણામ્ ।*
*આમોદે ન હિ કસ્તુર્યાઃ શપથેન વિભાવ્યતે ॥*

**ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિત સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.**

**જો મનુષ્યોના સદ્‌ગુણો હોય તો પોતાની જાતે જ પ્રગટ થાય છે. બીજાઓ વડે પ્રગટ થતા નથી. ખરેખર ! કસ્તુરીની સુગંધ સોગંધથી જણાવી શકાતી નથી.**

**સદ્‌ગુણોથી સુગંધ તો આપોઆપ ફેલાય છે એને માટે કોઈ પ્રચાર-ઢંઢેરા - જાહેરાતો કરવી પડતી નથી. સદ્‌ગુણ 'આચરણ' અને વાણી વર્તનથી પોતાની સુગંધ આપોઆપ ફેલાવે છે.**

### સુવિચાર

- તપનો અર્થ છે, સંયમ, પરિશોધન અને સાહસ સાથે સંકલ્પયુક્ત સંઘર્ષ - **સાધુ વાસવાણી**
- માત્ર બળવાન હોવું પૂરતું નથી, ક્રોધ આવે જાત ઉપર નિયંત્રણ રહે એ જ સાચી બહાદુરી - **એસ. ભટ્ટાચાર્ય**
- ધન સમૃદ્ધિ માણસને બદલી નથી નાખતી, પણ માણસનું અસલ સ્વરુપ પ્રગટ કરી દે છે - **ફુલછાબ**
- જો દરેક વ્યક્તિ પોતાની જીતથી જ સંતુષ્ટ બની જાય તો પછી કોઈ આગેવાન પેદા થશે નહીં - **માર્ક ટ્વેઈન**
- અમુક ઉગ્ર અપેક્ષા સાથે માણસ શરુઆત નહીં કરે ત્યાં સુધી તે ઉગ્રમાં ઉગ્ર અપેક્ષાઓથી ઉપરવટ સફળ નહીં થાય - **આચર્ન**
- નાણા, પ્રભાવ અને હોદ્દો એ મગજ ધોરણો ઉર્જા અને ધીરજની વિસાતમાં કશું જ નથી - **સ્ટીફન કોવી**
- આજનું ઔષધ : દાડમનો રસ એક ચમચો, એક લીંબુનો રસ, નાની ચમચી જીરાનો ભૂકો નવશેક પાણી સાથે લેવાથી અપચો મટે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

ઉશ્કેરાટ - ક્રોધમાં કોઈ જ નિર્ણય લેવો જોઈએ નહીં - શાંતિપૂર્વક વિચારીને જ નિર્ણય કરવો.

વૃદ્ધ પિતા મરણ પથારી ઉપર હતા, તેમણે પોતાના એકના એક પુત્રને બોલાવ્યો. અને કહ્યું, 'બેટા, હું ગરીબ રહ્યો, તને વારસામાં પણ ગરીબી જ આપી રહ્યો છું. મારા પિતાએ મને એક અણમોલ સલાહ આપી હતી જે આજે હું તને આપી રહ્યો છું. જિંદગીભર તું એને સાચવજે. જયારે તને ક્રોધ ચડે ત્યારે ત્યારે ચોવીસ કલાક પહેલાં તુ તેનો પ્રતિસાદ આપતો નહીં. ચોવીસ કલાક વીત્યા બાદ જ તું જવાબ આપજે. બસ આટલી 'મૂડી' હું તને વારસામાં આપતો જાઉં છું.'

પિતાએ આપેલી 'મૂડી' દીકરાએ જીવ્યો ત્યાં સુધી સાંચવી. આથી તેની પ્રગતિ પણ ઘણી થઈ અને ધન પણ ખૂબ મળ્યું. જીવનમાં ઘણાં અપમાન સહન કરવા પડ્યાં, ક્રોધ ચડે એવા અનેકવાર સંજોગો ઊભા થયાં પણ પિતાના વચનો યાદ રાખી પુત્રે પરિસ્થિતિ સંભાળી લીધી.

જયારે ઉગ્ર ચર્ચા થાય કે રોષ કે વેરની ભાવના પૈદા થાય ત્યારે તે સામેના વ્યક્તિને ફક્ત એટલું જ કહેતો, 'આનો જવાબ હું તમને ચોવીસ કલાક બાદ આપીશ.' આમ કરતાં તેના હૃદયમાંથી ક્રોધ અદૃશ્ય થયો અને એનું જીવન નિર્મળ બની ગયું. આ જ્ઞાની પુરુષ ગુર્જફે તરીકે ઘણી ખ્યાતિ પામ્યો.

# યૌન શોષણ વિરુદ્ધ સમાજની જાગૃતિ જરૂરી

**તંત્રીસ્થાનેથી...**

દેશ અને દુનિયાને હચમચાવી મૂકનાર નિર્ભયા કાંડના ગુનેગારોને ફાસ્ટ ટ્રેક કોર્ટ અને દિલ્હી હાઈકોર્ટ દ્વારા અપાયેલ ફાંસીની સજા સુપ્રીમ કોર્ટે કાયમ રાખીને મહિલાઓ વિશેના ગુનાઓ આચરનારા પુરુષ સમાજને એક કડક સંદેશ પાઠવ્યો છે. જો કે પુરુષ સમાજ એથી ડરી જશે કે સુધરી જશે એવી અપેક્ષા વધુ પડતી જ ગણાશે. નિર્ભયાકાંડ પછીના દિવસોમાં દેશ આખો રસ્તાઓ પર ઊતરી પડ્યો હતો અને એ કમનસીબ છોકરીને બચાવવા તત્કાલીન મનમોહન સરકારે પણ તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી હતી. આખરે એને સિંગાપુરની આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત હોસ્પિટલમાં દમ તોડ્યો હતો. પરંતુ એની સાથે જે બર્બરતાપૂર્ણ બળાત્કાર ગુજારાયો હતો અને એક પછી એક છ જણાએ ક્રૂર અત્યાચાર કર્યો હતો તે આવા કિસ્સાઓમાં 'રેરેસ્ટ ઑફ રેર' પ્રકારનો ગુનો હોવાનું નીચલી કોર્ટથી લઈ સુપ્રીમ કોર્ટની ત્રણ જજીસની પેનલે સ્વીકાર્યું છે. આવા કિસ્સામાં માનવતાની રૂએ જયારે અપરાધીઓનો કેસ લડવા કોઈ જ વકીલ તૈયાર ન થયો ત્યારે સુપ્રીમ કોર્ટે જ 'એમિક્સ ક્યૂરી' ની પરંપરા મુજબ જે ધારાશાસ્ત્રીઓ આપ્યા હતા, પરંતુ સ્વાભાવિક રીતે જ અપરાધીઓની સજા ઓછી કરવાની એમની દલીલો સુપ્રીમ કોર્ટની બેન્ચને પ્રભાવિત કરી શકી નહોતી. જસ્ટિક દિપક મિશ્રા, જસ્ટિસ ભાનુમતી અને જસ્ટિક અશોક ભૂષણે અપરાધને જઘન્ય અપરાધ ગણી આવો ગુનો આચરનારની કૌટુંબિક, સામાજિક કે આર્થિક બેહાલી જેવા મુદ્દાઓ નજરઅંદાજ કરી એમને ફાંસીની સજા આપવાનો ચુકાદો કાયમી રાખ્યો છે. આથી સમાજમાં જે કોઈ ગુનાઈત માનસ ધરાવતાં તત્ત્વો છે એમને એક મૅસેજ તો પહોંચશે જ, પછીની વાત પછી જસ્ટિસ ભાનુમતીએ મહિલાઓ સામે આચરાતાં અપરાધો વિશે પોતાનું અલગ તારણ વાંચીને એમને અન્યાય સામે લડત આપવાનું બળ પૂરું પાડ્યું છે. મહાત્મા ગાંધીને ટાંકીને એમણે જણાવ્યું છે કે સ્ત્રી કોઈ પણ માપદંડથી પુરુષ કરતાં ઊતરતી નથી. આમ છતાં એના ભાગે હરહંમેશ પુરુષોની જોહુકમી જ સહેવાનું આવતું હોય તો તે આપણી કમનસીબી છે. સ્ત્રીઓને એમની નાઉપરવટ ફક્ત કામવાસનાની કઠપૂતળી તરીકે ભોગવવાની પુરુષની ભ્રમરવૃત્તિ સામે સરકાર ગમે તેટલા કડક કાયદા કરશે તો પણ લગામ આવી શકશે ખરી? આ એક મનોવૈજ્ઞાનિક સમસ્યા છે, જે માત્ર ન્યાયલય કે સરકાર દ્વારા હલ થઈ શકશે નહીં. નિર્ભયાકાંડ પછી પણ સતત સામૂહિક બળાત્કાર કાંડ બનતા રહ્યાં છે. એ જુદી વાત છે કે આવી ઘટનાઓ વિરુદ્ધ નિર્ભયા પ્રકારનો પ્રચંડ લોકજુવાળ પેદા નથી થયો. રાજનેતાઓ અને અભિનેતાઓથી લઈ ધાર્મિક શિક્ષણ ક્ષેત્રના માંધાતાઓ સામે આવા અપરાધો નોંધાયા છે. ગુજરાત સ્ત્રીઓ માટે સૌથી સલામત ગણાતું રાજય છે, પરંતુ અહીં જ આસારમ સહિતના કેટલાક સાંપ્રદાયિક ધર્મધુરંધરો અને પારૂલ યુનિવર્સિટીના સંસ્થાપક ચેરમેન સામે આવા ગુનાઓ નોંધાયેલા છે, જેની સમાજ પર ઊંડી અસર પડી છે. તે બધાએ પણ પુરાવાના અભાવે છૂટી ન જાય એવી તકેદારી સાથે સરકાર અને સમાજે ન્યાયાલય પાસેથી કડકમાં કડક સજા મળે એવી તકેદારી રાખવાની આ ચુકાદામાંથી પ્રેરણાં સાંપડશે.

# જલીય વનસ્પતિઓ પ્રત્યેની દુર્લક્ષતા

**વનસૃષ્ટિનો પરિચય**

હેમંત સુથાર



સજીવ સૃષ્ટિના વર્ગીકરણ મુજબ આ પૃથ્વી પર વનસ્પતિ અને પ્રાણી એમ બે પ્રકારની સૃષ્ટિ વહેંચવામાં આવી છે. વનસ્પતિ સૃષ્ટિને અપુષ્પી તથા સપુષ્પી એમ બે પ્રકારની ઉપસૃષ્ટિમાં વહેંચવામાં આવેલ છે. જીવોનું આવું વર્ગીકરણ તેમની વચ્ચે રહેલી સમાનતા અને ભિન્નતાના આધારે તેમને વૈજ્ઞાનિક પદ્ધતિથી નાના મોટા સમુહોમાં વહેંચવામાં આવે છે.



જમીન પર ઉગતી વનસ્પતિઓને સ્થળજ અને પાણીમાં ઉગતી વનસ્પતિઓને જલજ એમ બે ભાગમાં તેમના પરિસર તંત્રોને આધારે વહેંચી શકાય. જલજ કે જલીય વનસ્પતિઓનો અંગ્રેજીમાં એક્વેટીક (Aquatic) કે હાઈડ્રો ફાઈટસ્ (Hydrophytes) કહેવામાં આવે છે. આપણે સમજી શકીએ કે જલીય વનસ્પતિઓ પાણીના નિવાસસ્થાનોમાં, પાણીને વિનારે, પાણીમાં તરતી કે પાણીની નીચે ડુબેલી જોવા મળે છે. આવી વનસ્પતિઓમાં પાણીમાં ટકી રહેવા માટેના ખાસ અનુકૂલનો સાધેલા હોય છે. પાણીમાં ઉગતી વનસ્પતિને પણ સૂર્યપ્રાકસની જરૂર પડતી હોય છે અને તે કારણે જ તેવી વનસ્પતિઓ પાણીની નીચે જયાં સુધી સૂર્યપ્રકાશ પહોંચે ત્યાં તેટલી ઊંડાઈ સુધી ઉગતી હોય છે.

નદી, તળાવ, ખાબોચિયાં, ઝરણાં, કાદવીયા વિસ્તારો, કામચલાઉ કે કાયમી પાણી રોકાઈ કે ભરાઈ કે વહેતું હોય તેવા મીઠા પાણીવાળા જલીય સ્ત્રોતો અને દરિયાઈ ખારા પાણી વાળા મુખ્યત્વે કાંઠાના ભાગોમાં જલીય વનસ્પતિઓ ઉગેલી હોય છે.

આવી વનસ્પતિઓ કેટલીક મુક્ત રીતે જમીનના સંપર્કમાં રહ્યા વિના પાણીની સપાટી પર તરતી હોય છે. જયારે બંધિયાર પાણીમાં મૂળ છોડથી છૂટા પડીને પાણીમાં ડુબેલી રહેતી વનસ્પતિઓના પર્ણો પાણીની સપાટી પર તરતાં ફેલાયેલા હોય છે. આ રીતે પાણીમાં તેની સ્થિતિ પ્રમાણે છ જેટલા જુદા જુદા જલીય વનસ્પતિઓના પ્રકારો ઓળખવામાં આવ્યા છે.

જલીય વનસ્પતિઓની જૈવિક વિવિધતાના અભ્યાસ, ઓળખ સંશોધન, તરફ જેટલું ધ્યાન/મહત્ત્વ સ્થળ જ વનસ્પતિઓ બાબતે અપાય છે તેટલું અપાતું નથી. જલીય વનસ્પતિઓને મોટા ભાગે બિન ઉપયોગી નિંદણ જ માનવામાં આવે છે. જલીય નિવસન કે પરિસર તંત્રોના વ્યવસ્થાપન કે રક્ષણ માટેના પગલાંઓ પણ ગંભીરતાથી લેવામાં આવતાં નથી.

જલીય વનસ્પતિઓ માનવોનો ખોરાક, દવાઓમાં ઉપયોગી છે તે જ રીતે પાલતું ઢોરોને ચારો પણ પુરો પાડે છે. આવી વનસ્પતિઓ જલીય પરિસરતંત્રોમાં રહેલા પોષણ તત્વોના ચકમા મહત્ત્વની કડીરૂપ કાર્ય કરે છે. જલસ્ત્રોતોના શુદ્ધિકરણમાં પણ જલીય વનસ્પતિઓનો મહત્ત્વનો ફાળો છે. જલીય વનસ્પતિઓ, માછળીઓ, કાચબા, જંતુઓ જેવા ઘણી જાતિઓના જીવોને ખોરાક તથા આશરો પુરો પાડે છે. ભૂગર્ભજળના રિચાર્જીંગમાં પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

નદીઓ પરના બંધો, જલીય પ્રદૂષણ, જલસ્ત્રોતોમાં કાંઠાઓ પરના વિકાસ કાર્યો, બાંધકામ કે ઔદ્યોગિક વસાહતો કે તેવી વસાહતોના દૂષિત પાણી, ગટરોનું વહન જેવા કારણોને લીધે જલસ્ત્રોતોની સાથેસાથે જલીય વનસ્પતિઓ પણ ખુબ જ ઝડપથી ઘટી રહી છે. વિદેશી વનસ્પતિઓ - એકઝોટીક વીડને કારણે પણ જલીય વનસ્પતિઓનું વૈવિધ્ય ઘટી રહ્યું છે.

આજની તારીખે પણ સામાન્યજન જલીય વનસ્પતિના બે થી પાંચ નામ પણ બોલી કે ઓળખી શકે તેમ નથી ત્યારે જે ઝડપે તેવી વનસ્પતિઓ લુપ્ત થઈ રહી છે તે સ્થિતિ જોતા આપણે ઓળખીશું કે સમજવું તે પહેલાં જ ગુમાવી દઈશું તેમ કહેવું ખોટું નથી.

# ગુજરાતની રાજનીતિમાં યુવાશક્તિનો ઉદય કયારે થશે?

**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ



આપણે ક્યારેય એવી કલ્પના કેમ ના કરી શકીએ કે ગુજરાતની આવનારી ચૂંટણીમાં તમામ ધારાસભ્યોથી માંડીને મુખ્યમંત્રી સુધીના પ્રજાના બધા જ પ્રતિનિધિઓ યુવાન હોય. ૫૫ વર્ષ ઉપરનું કોઈ નહીં સરકારે નોકરીની વય મર્યાદા ભલે ૫૮ વર્ષની રાખી હોય આમાં ૫૫ વર્ષે નિવૃત્તિ ફરજીયાત. આવી એક નવી સિસ્ટમ અમલમાં આવે તો ? આ સિસ્ટમમાં પહેલા બે નિયમ ફરજિયાત. એક ૫૫ વર્ષ ઉપર નો એન્ટ્રી. અને બીજું ઓછામાં ઓછું ગ્રેજ્યુએટ સુધીનું શિક્ષણ. આવી રીતે એક નવો " યુવા પક્ષ " બનાવવામાં આવે અને આગામી ચૂંટણીમાં એક અવાજે " યુવા ગુજરાત : શિક્ષિત ગુજરાત " ના સૂત્રે સૌ સાથે મળીને જાહેર કરે કે જો ગુજરાતમાં યુવા સરકાર બનશે તો નીચે મુજબ કાર્યો પહેલા ૧૦ દિવસમાં અમલમાં આવશે. (૧) સ્વચ્છ અને પારદર્શક વહીવટ (૨) કોઈ સરકારી જાહેરખબરમાં નેતાઓના ફોટા નહી (૩) કોઈપણ સરકારી યોજનામાં એની જાહેરાતનું બજેટ માત્ર યોજનાની રકમના ૧૦% જ રહેશે. (૪) કોઈ નેતાને વી.આઈ.પી. ટ્રીટમેન્ટ નહી— કોઈ વધારાની સૂરક્ષા નહી (૫) દરેક મંત્રી એકલા માર્કેટમાં કે મૉલમાં શોપિંગ માટે જશે, પોતાના વતનમાં જ્યાથી ચૂંટાયા હશે ત્યા એ પાંચ વર્ષ સ્કૂટર લઈ કે ચાલીને જ ફરશે. અને ચૂંટાયા પછી મત વિસ્તારમાં જ રહીને લોકોના કામ કરશે. (૬) કોઈ ખોટા કામ નહી કરે, માત્ર પ્રજાલક્ષી કાર્યો જ કરશે. (૭) પોતાના સગાવહાલાને ક્યાંય નોકરીએ કે ધંધે નહી સેટ કરે. (૮) ૩૦ થી ૪૫ વર્ષ સુધીની ઉમરના જીતેલા સભ્યોમાંથી જ મંત્રીપદ તથા ૪૫ થી ૫૫ વર્ષના સૌથી વધુ શિક્ષિત, બિન વિવાદાસ્પદ, શુદ્ધ ચારિત્ર્ય, લોકપ્રિય અને અનુભવી વ્યક્તિને જ મુખ્યમંત્રી પદ આપવામાં આવશે. (૯) દરેક નિર્ણયો પ્રજા વચ્ચે લેવામાં આવશે.

આવી જાહેરાત કરવી જોઈએ અને શ્રી ગણેશાય નમઃ કરવા જોઈએ. પણ શું આવું બની શકે ખરું ? એક આખા નવા યુગનું સર્જન ના થઈ શકે ? નવી જ દુનિયાનો આવિષ્કાર થાય. નવો જ ઉત્સાહ વર્તાય. અમસ્તુય ગુજરાતમાં છેલ્લા ૧૯ વર્ષથી એક પક્ષનું શાસન રહ્યું છે. અને એ પહેલા ય એક જ પક્ષે રાજ કર્યું છે. બન્ને પક્ષોએ પોતપોતાની કાર્યશક્તિ અને નિષ્ઠા પ્રજાને બતાવી દીધા છે. હવે પ્રજા બન્ને પક્ષોને, એના નેતાઓને સારી રીતે ઓળખી ગઈ છે. પણ બિચારી પ્રજા કરે ય શું ? એની પાસે ત્રીજો કોઈ વિકલ્પ નથી. શ્રી નમો દિલ્હી ગયા પછી ગુજરાત " સિંહ વિનાના જંગલ " જેવું થઈ ગયું છે. હવે અહીં બધા જ પોતાને સિંહ સમજીને કામ કરે છે. એક બીજાની સામે સમયે સમયે ઘૂરકીયા પણ કરી લે છે. ક્યારેક પંજો પણ મારી દે છે. આવી બધી આંતરિક બાબતોથી શ્રી નમો દિલ્હીમાં સાવ અજાણ હોય એ સ્વાભાવિક છે. એમની પાસે જે માહિતી જતી હોય તે જુદી હોય અને અહીની સ્થિતિ જુદી હોય. ગુજરાતની આવી સ્થિતિનો લાભ લેવા છેક દિલ્હીથી કેજરીવાલ ગુજરાતમાં થોડી કૂદાકૂદ કરી ગયેલા પણ અહીં હમણાથી મદારીના ખેલ બંધ હોવાથી પ્રજાને એમનો એ ખેલ જોવાની મજા પડેલી બસ એનાથી વિશેષ કંઈ ના થયું. અને હવે તો એમને દિલ્હીમાંથી ય જાકારો મળી રહ્યો છે. હાલ ગુજરાતની રાજનીતિ માત્ર શ્રી નમોના નામ — કામ અને પ્રભાવથી ચાલે છે. વિકાસ કરે છે. એવું દર્શાવાઇ રહ્યું છે. આમ છતાંય આંતરિક પ્રશ્નો ઘણાય છે જે ધીમે ધીમે બહાર આવી રહ્યા છે. કેટલાક નિર્ણયો વિવાદાસ્પદ બની રહ્યા છે. જે આમ જનતાને અસર કરે છે. અધિકારીઓ અને નેતાઓ વચ્ચે હવે પહેલા જેવો તાલમેલ રહ્યો નથી. કોઈ નેતાએ કોઈ મોટું મહાન કાર્ય નથી કર્યું કે જેને લોકો વર્ષો સુધી યાદ રાખે. જેવું હાલ યુપીમાં નવા મુખ્યમંત્રીશ્રી યોગીજી કરી રહ્યા છે. જેનાથી પ્રજા વાહ વાહ પોકારી ઊઠે અને વિપક્ષ પણ એની પ્રશંસા કરે. એવું કોઈ કદમ વર્ષોથી ઉઠાવાયું નથી. બાકી જે કાંઈ થઈ રહ્યું છે તે યોજનાકીય જાહેરાતો અને મોટા મોટા હૉર્ડિંગ્સથી અને ભાષાકીય ભૂલો ભરેલી પુસ્તિકાઓ પ્રગટ કરીને પ્રજાને જાણ કરાઈ રહી છે. જેની પ્રજા પર સકારાત્મકતાને બદલે નકારાત્મક અસર વધુ પડે છે. પ્રજા મનોમન હસે છે. પણ સિંહને કોણ કહે કે તારું મોં ગંધાય છે. દરેક કામ છેક છેલ્લે પ્રજા સુધી પહોંચતું નથી. એવી પણ ઘણા રાવ કરે છે. અને બીજી તરફ માર્ચમા ગ્રાંટો વાપરવા માટે થતા કામો પણ પ્રજાહિતને સ્પર્શતા નથી.

બીજી તરફ કોંગ્રેસ આ વખતે ખુબ ઉત્સાહમાં છે. પણ એમનો ઉત્સાહ સફળતામાં પરિણમે એવા કોઈ એંધાણ વર્તાતા નથી. કેમ કે કોંગ્રેસને એનો ભુતકાળ જ બાંધી રાખશે. વળી એમાં હાલ એવો કોઈ કરિશ્માઈ નેતા નથી એવું કોઈ પાવરફૂલ નેતૃત્વ નથી સર્વજન પ્રિય વ્યક્તિ નથી કે જેનો ચહેરો જોઈ કે નામ માત્ર જોઈને લોકો મત આપી દે. આ રીતે જોઈએ તો ગુજરાતમાં ત્રીજો વિકલ્પ સાવ ખાલી છે. શ્રી નમોની ગેરહાજરીનો લાભ કોઈપણ સક્ષમ ત્રીજી વ્યક્તિ કે પક્ષ કે સંગઠન લઈ શકે છે. ગુજરાતમાં ત્રીજા પક્ષનો વર્ષોથી અભાવ છે. વચ્ચે થોડા સમય માટે રાજદ જેવા એક બે પક્ષો બનેલા પણ પોતાનો બહુ પ્રભાવ બનાવી શક્યા નહોતા તેથી એટલી જ ઝડપથી અસ્ત પણ થઈ ગયા. તેથી હજીયે ગુજરાતમાં ત્રીજા વિકલ્પની એક જગ્યા જરૂર છે એમ નિઃસંકોચ કહી શકાય.

આ ત્રીજો વિકલ્પ " યુવા શક્તિ " કેમ ના બની શકે ? એક બિલકુલ નવી કલ્પના, એક નવી રાજનીતિ, એક નવી સત્તા, એક નવો યુગ... આવી નવી રાજનીતિનો નવો ઉદય ગુજરાતમાં ક્યારે થશે ? ખરેખર તો બધા જ જુના ચહેરાને ઘેર બેસાડીને એક આખી નવી પેઢીને આગળ આવવા દેવી જોઈએ. કોઈ એક યુવા નેતા આખી યુવા ટીમનું નેતૃત્વ કરે, અને ગુજરાતના તમામ તાલુકાઓમાંથી દસ દસ શિક્ષિત યુવાનોને એક જગ્યાએ બોલાવી મહા સંમેલન કરે અને ત્રણ દિવસનો કાર્ય શિબિર કરીને સૌ સૌને પોતપોતાની જવાબદારી સમજાવી, સોંપી તાલુકા અને ગામેગામ સુધી આખું નેટવર્ક પાથરી દે. આ નવી ટીમમાં ગ્રેજ્યુએટથી ઓછું ભણેલા કોઈને પ્રવેશ નહી. એ રીતે શિક્ષિત યુવાનોનું આ સંગઠન જરૂર કોઈ મોટો ચમત્કાર આ ચૂંટણીમાં પણ કરી શકે છે. વળી ચૂંટણી ઢંઢેરો પણ એક, બધાનો પ્રચાર પણ એક સરખો, કોઈની ટીકા નહીં, માત્ર આપણે શું કરવાનું છે. એ જ પ્રજા સમક્ષ વાત. અને જ્યા પ્રજા સાથે હોય ત્યા કોઈ જાણીતો પક્ષ કે ગોડ ફાધર કે વંશ વારસની જરૂર નથી. દિલ્હીની શિક્ષિત પ્રજા પણ જો શિલા દિક્ષીતનું વર્ષોનું શાસન ઉખેડીને કેજરીવાલ જેવાને દિલ્હીની ગાદી પર બસાડી શકે તો આપણા ગુજરાતની પ્રજા તો સંવેદનશીલ, સમજદાર અને હિંમતવાળી છે. બસ જરૂર છે ગુજરાતની પ્રજાને માત્ર

અનુસંધાન પાના નં. ૭ પર

# 'કડી નિંદા' નહિ પણ 'કમરતોડ જવાબ' ની જરૂર છે...!

**રઝળપાટ**

અજય ઉપાધ્યાય



રાજકારણ ધજાની પૂછડી જેવું હોય છે, ગમે ત્યારે ગમે એ દિશામાં માંડે ફરફરવા અને એમાયે વાત જો સદાશત્રુ પાકિસ્તાનને લગતી હોય તો ગુસ્સો, આક્રોશ અને બેચેની જાયજ જ છે. પાકિસ્તાન કુતરાની પૂછડી જેવું છે એ ક્યારેય સીધું થવાનું જ નથી પણ હા અત્યારે જે રીતે મોદી અને એમની સરકારને લોકોનું ભરપુર સમર્થન છે ત્યારે આ સોનેરી મોકો છે આ કુતરાની પૂછડીને સમુળગી કાપી જ નાખવાનો. પ્રજા પણ એ જ ઈચ્છે છે અને ખાસ તો મોદી જો દિલ્હીની ગાદી કબજે કરવામાં સફળ થયા હોય તો એમાં પાછલી સરકારના ભ્રષ્ટાચાર ઉપરાંત એક મહત્વનો મુદ્દો પાકિસ્તાનને પાઠ ભણાવવાનો જ હતો એ હકીકત છે. પ્રજાને ત્યારે પણ વિશ્વાસ હતો અને આજે પણ વિશ્વાસ છે જ કે મોદી સરકાર પાકિસ્તાન પ્રત્યે કડક પગલાઓ ચોક્કસ લેશે જ અને આઝાદીના સાત સાત દાયકાઓથી કપટ કરતું પાકિસ્તાન કા તો નેસ્તેનાબુદ થશે અથવા તો સખણું બેસશે. પણ આ પગલાં કેવા અને ક્યારે આવશે એના પર સમગ્ર પ્રજાની નજરો ટકેલી છે. હકીકત એ છે કે મોદી સરકાર પાસેથી પાકિસ્તાન પ્રશ્ને પ્રજાને ઉંચી અપેક્ષાઓ છે એવામાં કડક પગલાં લેવામાં થતી થોડીઘણી પણ ઢીલ મોદીની પ્રતિભાને ધીરે ધીરે દાગ લગાવશે એ નક્કી છે. અને હવે વાત સુરક્ષા જવાનો સુધી પહોચી ગઈ છે, નિર્દોષ જવાનો ક્રૂર રીતે મોતને ઘાટ ઉતારી દેવાતા હોય ત્યારે સ્વાભાવિક છે અને પ્રજાનો હક્ક પણ છે કે વડાપ્રધાનને પૂછી શકે કે 'આવું ક્યા સુધી ચાલશે ? '...'ક્યારે લેશો બદલો ?'..'ક્યારે કરશો તમે આપેલા વચનો પર અમલ ?'...!

પણ આ તો પાકિસ્તાન...જેનો જન્મ જ ઝગડામાંથી થયો છે એ ક્યાંથી સખણું બેસવાનું, અને ઉપરથી મિયા શરીફની પોતાની નાવ જ હાલકડોલક થતી હોય ત્યારે તો હરગીઝ નહિ. એમાં પણ બધાને ખબર છે કે પાકિસ્તાનમાં સાચું શાશન તો સેનાનું જ ચાલે છે એવામાં ગયા સોમવારે નિયંત્રણરેખા પર પાકિસ્તાની સેનાએ બે ભારતીય જવાનની હત્યા કરીને એમના શરીર સાથે જે દરીન્દગી બતાવી છે એ સાબિત કરે છે કે પાકિસ્તાની સેના ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોને એક અલગ જ દિશા તરફ લઈ જવા માટે ઉત્સુક છે. ઈન્ડિયન એક્સપ્રેસના એક્સક્લુઝીવ રીપોર્ટ મુજબ ૧૭ એપ્રિલે ભારતીય સેનાએ એક અથડામણમાં પાકિસ્તાની સેનાના ૧૦ જવાનને વીંધી નાખેલા એનાથી અકળાયેલા પાકિસ્તાની સેના પ્રમુખે બોર્ડરની મુલાકાત લીધી. આ મુલાકાતના ફળસ્વરૂપે ગયા સોમવારે પાકિસ્તાનની બોર્ડર એક્શન ટીમ ભારતીય સીમમાં લગભગ ૨૦૦ મીટર અંદર આવીને, કપટથી બે ભારતીય જવાનની હત્યા કરી એટલું જ નહિ પણ એમના માથા કાપી નાખ્યા. આવું કઈ પહેલીવાર નથી બન્યું, આ પહેલા પણ યુપીએ શાશનમાં હેમરાજ સાથે આવું જ થયેલું. પણ ત્યારે પ્રજા પાસે ત્યારની સરકાર પાસે કોઈ સખ્ત કદમની અપેક્ષા નહોતી જ્યારે આજે માહોલ બદલાયો છે અને મોદી જેવા સક્ષમ નેતામાં પ્રજાએ જે રીતે વિશ્વાસ મુક્યો છે એ જોતા મોદીએ પાકિસ્તાનને સીધું કરવા કૈક તો કરવું જ પડશે કેમકે આ પ્રજાનું દબાણ નહિ પણ પ્રજાની મોદી સરકાર પ્રત્યે અપેક્ષા છે અને અપેક્ષા કરતા અનેકગણું મોદીએ ચૂંટણી પ્રચારોમાં પ્રજાને આપેલું વચન છે. જો એમાં મોદી આ વચન પૂરું કરવામાં નિષ્ફળ નીવડે તો પ્રજાને ચોક્કસ છેતરાયાની લાગણી થવાની. હા અત્યારે ભારતીય રાજકારણમાં એવા કોઈ સક્ષમ નેતાઓ કે પક્ષો રહ્યા નથી એને હિસાબે ભાજપ અને મોદીને રાજકીય રીતે કદાચ વાંધો ના આવે પણ '૫૬ ઈંચની છાતી' બતાવવાની આવી તક ચુકી જવા બદલ પ્રજા ક્યારેય માફ નહિ કરે એ કડવું સત્ય છે...!

અત્યાર સુધી શું હતું કે પાકિસ્તાની સેના આતંકીઓને આગળ કરીને આવા કારનામાં કરતી હતી પણ આ પ્રથમ વાર જ થયું કે સીધેસીધી પાકિસ્તાની સેના જ એમાં શામેલ થઈ. આ બતાવે છે પાકિસ્તાની સેનાના દિમાગમાં ગયા સપ્ટેમ્બરમાં ભારતીય સેનાએ કરેલી સર્જીકલ સ્ટ્રાઈકની ખોફનાક અસર હજુ પણ મોજુદ છે. અસલમાં રીપોર્ટસ મુજબ સર્જીકલ સ્ટ્રાઈક પછીથી સ્થિતિ સામાન્ય નથી રહી. આપણી સીમાની અંદર આવીને જવાનોના ગળા કાપવા સુધીની પાકિસ્તાની સેનાની આ હરકત એમ સાબિત કરવા મથે છે કે અમે પણ તમારી સીમામાં આવી શકીએ છીએ. મતલબ કે મુદ્દો હવે ગંભીર થઈ ચુક્યો છે અને પાકિસ્તાની સેનાને વધુ દુસાહસ કરતું અટકાવવા એના પર પ્રહાર જરૂરી બની ગયો છે. આમેય કપટલીલામાં પાકિસ્તાની લશ્કર માહિર છે એવામાં ' એક કે બદલે દસ 'કરવાનો સોનેરી મોકો મોદીના હાથમાં છે. વાત સર્જીકલ સ્ટ્રાઈકની કરીએ તો મોદી સરકારે સર્જીકલ સ્ટ્રાઈકનો મુદ્દો દરેક ચૂંટણીઓમાં ખુબ ઉછળેલો અને એની સફળતાની હિસ્સેદારી માટે પોતાનો ખભ્ભો ખુબ થાબડેલો. ઈવન પ્રધાનમંત્રી મોદીએ ઓલમોસ્ટ દરેક ચૂંટણી સભામાં ગાઈ વગાડીને કહેલું કે પાકિસ્તાનને એમની ભાષામાં અમે જવાબ આપી દીધેલો છે અને જરૂર પડશે તો આવનારા સમયમાં પણ પાકિસ્તાનની નાપાક હરકતોનો જવાબ આવી કે આનાથી પણ આકરી સર્જીકલ સ્ટ્રાઈકથી આપવામાં આવશે. બસ તો દેશની જનતા આજે આવા કરુણ પ્રસંગે પ્રધાનમંત્રીને એ જ યાદ અપાવવા માંગે છે કે હવે સમય આવી ગયો છે પાકિસ્તાનને આખરી અને કમ્મર તોડ જવાબ આપવાનો....પાકિસ્તાનને એની જ ધરતી પર રગદોળવાનો સમય આવી ગયો છે...ટૂંકી નહિ પણ લાંબી સર્જીકલ સ્ટ્રાઈકનો સમય આવી ગયો છે..... 'કડી નિંદા' બંધ કરીને 'કરારા જવાબ' નો સમય આવી ગયો છે અને જરૂર પડે તો 'કત્લેઆમ' નો સમય પણ આવી ગયો છે ! પણ હજુ શુક્રવારે આ લખાય છે ત્યારે આવી જધન્ય ઘટનાને ૪ દિવસ વીતી ગયા પછી પણ પ્રજાને હૈયે ટાઢક વળે એવા કોઈ સમાચાર સરકાર તરફથી મળ્યા નથી.

પ્રિય પ્રધાનમંત્રીશ્રી, પાકિસ્તાનની હલકટાઈનો એની જ ભાષામાં જવાબ આપતા તમને રોકે કોણ છે? ભૂતકાળની એકાદ-બે સરકારને બાદ કરતા આઝાદી પછીની સૌથી લોકપ્રિય સરકાર તમારી છે. પ્રજાનો પ્રચંડ સાથ આ સરકાર સાથે છે જેનો પુરાવો એક પછી એક ચુંટણીમાં ભાજપને મળતી જીત છે. ઈવન ફોર એ ચેન્જ વિપક્ષો પણ પાકિસ્તાન સામેની દરેક સખ્ત કાર્યવાહીમાં તમારી સાથે છે. ચાલો માન્યું કે દુનિયાનો કોઈ પણ દેશ પૂર્ણ યુધ્ધના પક્ષમાં નથી હોતો કેમકે આજકાલ યુધ્ધો મોટાભાગે અનિર્ણિત રહેતા હોય છે અને આધુનિક ટેકનોલોજીને લીધે જાનમાલની ખુવારી ભયંકર થાય છે. પાકિસ્તાન જેવા ભિખારી અને બીજાની મદદ પર જીવતા દેશને તો ઠીક કઈ ફેર નહિ પડે પણ ભારત જેવા વિકસિત દેશ માટે યુદ્ધ એ આત્મઘાતી પગલું જ ગણાય. ઈવન સુપરપાવર અમેરિકા પણ બચ્ચા જેવા દક્ષીણ કોરિયા પર પ્રહાર કરતા પહેલા છેલ્લા એકાદ મહિનાથી વિચાર કરી રહ્યું છે. એટલે માન્યું કે સાવ યુદ્ધ કદાચ આનો વિકલ્પ નથી પણ કમસે કમ દૂધમલિયા જવાનોના સર કલમ થતા અટકે એવું તો કરવું જ પડે કે નહિ ?

અનુસંધાન પાના નં. ૭ પર